





# ગાઝામાં યુદ્ધ વિરામ અમલી: બંધકોની સોંપણી માટેની પ્રક્રિયા શરૂ

**રેડક્રોસને** વચ્ચે રાખીને બંધકોની સોંપણી કરાશે, જેની સામે પેલેસ્ટાઇની કેદીઓ ઇઝરાયેલની જેલમાંથી છૂટશે

**યુદ્ધ** વિરામ કરારના વિરોધમાં એક યહુદી કટ્ટરવાદી પક્ષ નેતાન્યાહુની સરકારમાંથી નિકળી ગયો

દૈર અલ-બલાહ(ગાઝા પટી), તા. ૧૯(એપી): ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનો યુદ્ધ વિરામનો અમલ આજે શરૂ થયો હતો, જે સાથે છ સપ્તાહ માટે પ્રારંભિક શાંતિનો સમયગાળો શરૂ થવાની અને ઉગ્રવાદીઓએ બાન પકડેલા ડઝનબંધ બંધકોની મુક્તિની અને છેવટે ૧૫ મહિનાના વિનાશક યુદ્ધનો અંત આવવાની આશા જાગી હતી.

હમાસ દ્વારા છેલ્લી ઘડીએ કરવામાં આવેલ વિલંબને કારણે આ સંધિનો અમલ ત્રણ કલાક જેટલો મોડો શરૂ થયો હતો અને તે સાથે તેનુ તકલાદીપણુ પણ જાહેર થઇ ગયું હતું. રેડ ક્રોસનો એક કાફલો ઈઝરાયેલી બંધકોના પ્રથમ જૂથને પોતાના કબજામાં લેવા ગાઝા તરફ રવાના થઈ રહ્યો હોવાના અહેવાલ હતા. રેડક્રોસ ત્યારબાદ બંધકોની સોંપણી પ્રક્રિયાઓ પછી બંધકોના કુટુંબીજનોને કરશે. તે સ્પષ્ટ થયું નથી કે બંધકોની સોંપણીની પ્રક્રિયા કેટલો લાંબો સમય ચાલશે.

ઈઝરાયેલે, આ દરમ્યાન, રવિવારે મોડેથી જેઓ ઘરે પાછા ફરી શકે છે તેવા પ્રથમ ત્રણ બંધકોના નામ જાહેર કર્યા હતા. જેમની સામે ૯૦ પેલેસ્ટાઈની કેદીઓને જેલમાંથી છોડવામાં આવશે. સંધિ આજે સવારે ૧૧.૧૫ કલાકે અમલમાં આવી હતી અને તે આ યુદ્ધનો અંત લાવવા માટેના પ્રથમ પગલા તરીકે જોવાય છે. હાલમાં કુલ ૧૦૦ જેટલા બંધકોની સોંપણી કરવામાં આવશે. એક અધિકારીએ નામ નહીં જણાવવાની શરતે જણાવ્યું હતું કે બંધકોના કુટુંબીજનોએ તેમનું નામ જાહેર કરવાની મંજૂરી આપી છે. દરમ્યાન, ઈઝરાયેલના હાર્ડ લાઈન નેશનલ સિક્યુરિટી મંત્રીએ જણાવ્યુ હતુ કે તેમનો જ્યુઈશ પાવર પક્ષ આ યુદ્ધ વિરામ કરારના વિરોધમાં સરકાર છોડી રહ્યો છે. ઈતામાર બેન ગ્વીરનો આ પક્ષ નીકળી જવાથી નેતાનયાહુનુ ગઠબંધન નબળુ પડશે પણ સંધિ પર તેની અસર થશે નહીં.

## હમાસે યુદ્ધવિરામમાં વિલંબ કરતાં ગાઝામાં ઇઝરાયલે કરેલા હવાઈ હુમલામાં આઠના મોત

દેઇર અલ-બલાહ (ગાઝા પટ્ટી), તા. 19 (એપી) : યુદ્ધવિરામમાં વિલંબ થયા બાદ ગાઝા પટ્ટીમાં ઇઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં. દક્ષિણ ગાઝા શહેર ખાન યુનિસમાં નાસેર હોસ્પિટલે રવિવારના હુમલામાં થયેલા જાનહાનિની પુષ્ટિ કરી હતી, જેના વિશે તેણે કહ્યું હતું કે, યુદ્ધવિરામ લાગુ થયાના લગભગ બે કલાક બાદ હુમલો થયો હતો. ઇઝરાયલે કહ્યું કે, હમાસે રવિવારે બાદમાં મુક્ત કરવામાં આવનાર બંધકોના નામ ન આપીને યુદ્ધવિરામ શરૂ કરવા માં વિલંબ કર્યો. હમાસે યુદ્ધવિરામ શરૂ થયાના લગભગ બે કલાક પછી નામો જાહેર કર્યાં હતાં.

## નેતન્યાહુના જમણેરી સાથીએ ગાઝા યુદ્ધવિરામ કરારને લઈને સરકાર છોડી

દેઇર અલ-બલાહ (ગાઝા પટ્ટી), તા. 19 (એપી) : ઇઝરાયલના કટ્ટરપંથી રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઇતામાર બેન-ગ્વિરની પાર્ટીએ જણાવ્યું છે કે, તેમના કેબિનેટ મંત્રીઓએ રવિવારે ગાઝા યુદ્ધવિરામ કરારના વિરોધમાં સરકારમાંથી રાજીનામાં સુપરત કર્યાં હતાં.

ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની સરકારમાંથી યહૂદી પાવર પાર્ટીની વિદાયથી ગઠબંધન તૂટશે નહીં કે યુદ્ધવિરામ પર કોઈ અસર થશે નહીં, પરંતુ બેન-ગ્વિરના જવાથી ગઠબંધન અસ્થિર થઈ ગયું છે.

## ‘ક્રૂર શેરી સફાઈ’ : મોરોક્કોમાં ફિફા વર્લ્ડકપ માટે 30 લાખ કૂતરાઓને મારી નાખશે?

**ઇન્ટરનેશનલ** એનિમલ વેલ્ફેર એન્ડ પ્રોટેક્શન ગઠબંધને ત્રણ મિલિયન કૂતરાઓની હત્યા અંગે ચિંતા વ્યક્ત કરી

**મોરોક્કોએ** ફિફાને ખાતરી આપી કે, ઓગસ્ટ 2024માં હત્યાઓ બંધ થઈ છતાં મોટા પાયે કૂતરાઓની હત્યા ચાલુ છે

નવી દિલ્હી : ઉત્તર આફ્રિકન દેશે ત્યારે દુનિયાનું ધ્યાન ખેંચ્યું જ્યારે એ જાહેરાત કરવામાં આવી કે તેઓ સ્પેન અને પોર્ટુગલ સાથે ૨૦૩૦ ફિફા વર્લ્ડકપની સહ-યજમાની કરશે. જ્યારે બધા તૈયારીઓની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા ત્યારે હજારો કૂતરાઓની ક્રૂર હત્યાના અહેવાલોએ વિશ્વને સ્તબ્ધ અને ગુસ્સે કરી દીધું. અન્ય લોકો ઉપરાંત, સંરક્ષણવાદી જેન ગુડાલે બહુપ્રતીક્ષિત ટુર્નામેન્ટ પહેલા ત્રણ મિલિયન (30 લાખ) રખડતા કૂતરાઓની ક્રૂર હત્યાના અહેવાલો પર ચિંતા વ્યક્ત કરી છે, જેનાથી કાર્યવાહી માટે વ્યાપક માંગ ઊઠી રહી છે.

ડેઇલી મેઇલના અહેવાલ મુજબ, ઉત્તર આફ્રિકન રાષ્ટ્રનાં વિવિધ સ્થળોએ અત્યાર સુધીમાં હજારો રખડતા કૂતરાઓની હત્યા કરવામાં આવી ચૂકી છે.

ઇન્ટરનેશનલ એનિમલ વેલ્ફેર એન્ડ પ્રોટેક્શન ગઠબંધન (આઈએડબ્લ્યુપીસી)એ આ અભિયાનના ભાગ રૂપે ત્રણ મિલિયન કૂતરાઓની સંભવિત હત્યા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ‘મોરોક્કોનું બદસૂરત રહસ્ય’ નામનું એક અભિયાન પણ શરૂ કર્યું છે.

જૂથનો દાવો છે કે, મોરોક્કોએ ફિફાને ખાતરી આપી હતી કે, ઓગસ્ટ 2024માં હત્યાઓ બંધ થઈ ગઈ છે, આમ છતાં મોટા પાયે કૂતરાઓની હત્યા ચાલુ છે. આઈએડબ્લ્યુપીસીનો દાવો છે કે, કૂતરાઓને સ્ટ્રાઇકનાઇન ઝેર આપવામાં આવી રહ્યું છે, સીધા તેમના શરીરમાં ઇન્જેક્શન લગાવવામાં આવી રહ્યું છે અથવા ખોરાકમાં ખવડાવવામાં આવી રહ્યું છે.

## ગાઝિયાબાદમાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં એક જ પરિવારના ચારના મોત

ગાઝિયાબાદ (યુપી), તા. ૧૯ (પીટીઆઈ) : રવિવારે વહેલી સવારે શોર્ટ સર્કિટને કારણે અહીં એક ઘરમાં આગ લાગતાં એક જ પરિવારના ત્રણ સભ્યો સહિત ચાર લોકોના ઊંઘમાં સળગી જતાં મોત થયાં હતાં. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

લોની પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળના કંચન પાર્ક વિસ્તારમાં આવેલી એક બહુ માળી ઈમારતમાં આગ લાગી હતી.ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લોની ફાયર સ્ટેશનને સવારે ૭.૦૬ વાગ્યે આ ઘટનાની માહિતી મળી હતી અને ત્રણ ફાયર એન્જિન મોકલવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે પહોંચ્યા પછી જાણવા મળ્યું કે આગ ઘરના બીજા અને ત્રીજા માળે લાગી હતી અને લોકો અંદર ફસાયેલા હતા. ઘર ભીડભાડવાળી ગલીમાં હતું અને તેથી ફાયર એન્જિન બહાર પાર્ક કરવામાં આવ્યા હતા અને પાઈપો ફેલાવીને પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો હતો. એમ અધિકારીએ જણાવ્યું હતું.

## મહાકુંભમાં વિવિધ અખાડાઓમાં નાગા સાધુઓને દીક્ષા આપવાની પ્રક્રિયા શરૂ



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહા કુંભ સાથે, અખાડાઓમાં નાગા સાધુ બનવા માટે અરજી કરનારા હજારો લોકોની અરજીઓ ત્રણ સ્તરે તપાસ્યા પછી તેમને દીક્ષા આપવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. નિરંજની અખાડાના મહંત રવીન્દ્ર પુરીએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં 300-400 લોકોને નિરંજનીમાં નાગા સન્યાસી તરીકે દીક્ષા આપવામાં આવી રહી છે. 13 અખાડાઓમાંથી, સાત શૈવ અખાડા છે, અને તેમાંથી છમાં નાગા સાધુ તરીકે દીક્ષા (આપવામાં આવી છે. તેમણે કહ્યું કે નાગા સાધુઓ નિરંજની, આનંદ, મહાનિર્વાણ, અટલ, જુના અને આવાહન અખાડાઓમાં બનાવવામાં આવે છે.

**પેજ 3**

## જય શ્રી રામ અને બુમરાહના ઉલ્લેખ સાથે કોલ્ડપ્લેનો મુંબઈ કોન્સર્ટ સંગીત અને સંસ્કૃતિનો ઉત્સવ બન્યો



મુંબઈ, તા. ૧૯ (પીટીઆઈ) : ‘જય શ્રી રામ’નો અર્થ શું છે તે પૂછવાથી લઈને ક્રિકેટર જસપ્રીત બુમરાહને મજાકમાં સંબોધવા સુધી, નવા વર્ષમાં ભારતમાં કોલ્ડપ્લેનો પહેલો કોન્સર્ટ કોઈ સાંસ્કૃતિક મહોત્સવથી ઓછો નહોતો જ્યાં બેન્ડના ફ્રન્ટમેન ક્રિસ માર્ટિને પોતાની રમૂજ અને જિજ્ઞાસાથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં બે કલાક સુધી માર્ટિને ચાર્ટબસ્ટર ટ્રેક રજૂ કર્યા હતા. સાંજની સૌથી રોમાંચક ક્ષણોમાંની એક ત્યારે આવી જ્યારે માર્ટિને એક ચાહકને ‘જય શ્રી રામ’ લખેલું પ્લેકાર્ડ પકડેલું જોયું. જિજ્ઞાસાથી તેણે આ વાક્ય ઉચ્ચાર્યું, જેમાં ભીડમાંથી જોરદાર જયઘોષ થયો. પછી તેણે કહ્યું, “જય શ્રી રામનો અર્થ શું છે? કંઈક સારું હોવું જોઈએ.” આ વાક્યના અર્થ વિશે માર્ટિનની નિર્દોષ પૂછપરછથી પ્રેક્ષકોનો ઉત્સાહ વધ્યો હતો. કોન્સર્ટના અંતમાં માર્ટિને કહ્યું કે, ભારતીય બોલર જસપ્રીત બુમરાહનોક્રિકેટ રમવાનો સમય થઈ ગયો હોવાથી તેને જલદી શો પૂરો કરવાની જરૂર છે.

## ખુશ છું કે ભાઇ સ્વસ્થ થઈ રહ્યો છે : સૈફના સ્વાસ્થ્ય અંગે સોહા અલી ખાન



મુંબઈ, તા. ૧૯ (પીટીઆઈ) : અભિનેત્રી સોહા અલી ખાને રવિવારે કહ્યું હતું કે, તેનો ભાઈ સૈફ અલી ખાન તાજેતરમાં તેના ઘરે થયેલા છરીના હુમલામાં થયેલી ઈજાઓમાંથી સારી રીતે સ્વસ્થ થઈ રહ્યા છે. સોહાએ અહીં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે, ‘ ’અમે ખૂબ જ ખુશ છીએ કે તે સ્વસ્થ થઈ રહ્યા છે. અમે તમારા આભારી છીએ, અમે ખુદને ધન્ય અનુભવીએ છીએ અને આભારી છીએ કે તે વધુ ખરાબ ન હતું. તમારા બધાની શુભેચ્છાઓ બદલ આભાર.’’ ડોક્ટરોએ જણાવ્યું હતું કે, તે સ્વસ્થ થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં રજા આપવામાં આવી શકે છે.’’

## દક્ષિણ કોરિયાના માજી રાષ્ટ્રપતિ યૂનની ધરપકડ, સમર્થકોએ હંગામો મચાવ્યો

**યુનના** સમર્થકોએ કોર્ટમાં પ્રવેશીને ભારે તોડફોડ કરી, નવ પોલીસ કર્મચારીઓ ઘાયલ, 46ની ધરપકડ




સિઓલ, તા. ૧૯ (એપી) : દક્ષિણ કોરિયાના મહાભિયોગગ્રસ્ત રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલની ઔપચારિક ધરપકડ થયાના કલાકો પછી તેમના સમર્થકોએ હંગામો મચાવ્યો હતો, તેમના વકીલોએ રવિવારે જણાવ્યું હતું કે, તેઓ ગયા મહિને લશ્કરી કાયદાની ઘોષણા અંગેના પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કરવામાં અડગ રહ્યા છે.

યૂનની અટકાયતની અવધિ લંબાવવામાં આવી હોવાની માહિતી મળતાં જ તેમના સમર્થકો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરમાં ઘૂસી ગયા હતા અને કોર્ટમાં તોડફોડ કરી હતી. અથડામણમાં 9 પોલીસકર્મીઓ અને 40 અન્ય લોકો ઘાયલ થયા હતા. પોલીસે 46 આરોપીઓની ધરપકડ કરી છે. યુને સમર્થકોને શાંતિ જાળવવા અને સુરક્ષા કર્મચારીઓને ધીરજ રાખવાની અપીલ કરી છે. દેખાવકારોને કાબૂમાં લેવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

સિઓલમાં તેમના રાષ્ટ્રપતિ પરિસરમાં ધરપકડ થયાના થોડા દિવસો પછી રવિવારે વહેલી સવારે યૂનની ઔપચારિક ધરપકડ કરવામાં આવી હતી. તેમના ટૂંકા ગાળાના સરમુખત્યારશાહી અભિયાનને કારણે તેમને સંભવિત કેદની સજા થઈ શકે છે, જેના કારણે ૧૯૮૦ના દાયકાના અંતમાં દેશમાં લોકશાહીકરણ પછી સૌથી ગંભીર રાજકીય કટોકટી શરૂ થઈ છે. યૂનની ધરપકડથી કસ્ટડીની એક લાંબી અવધિની શરૂઆત કરી શકે છે, જે મહિનાઓ કે તેથી વધુ સમય સુધી ચાલશે.

## દલ્લેવાલે તબીબી સહાય લીધા બાદ 121 ખેડૂતોએ આમરણાંત ઉપવાસ સમાપ્ત કર્યા

**ખેડૂતોની** માગણીઓ પર ચર્ચા કરવા માટે ૧૪ ફેબ્રુઆરીએ કેન્દ્રના આમંત્રણ બાદ દલ્લેવાલે તબીબી સહાય લીધી



ચંડીગઢ, તા. ૧૯ (પીટીઆઈ) : ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલ સાથે એકતા દર્શાવવા માટે ખાનૌરી ધરણાં સ્થળ પર આમરણાંત ઉપવાસ પર બેઠેલા ૧૨૧ ખેડૂતોના જૂથે રવિવારે તબીબી સહાય લીધા બાદ તેમની અનિશ્ચિત હડતાળ સમાપ્ત કરી હતી.

૨૬ નવેમ્બરના રોજ આમરણાંત ઉપવાસ પર બેઠેલા દલ્લેવાલ (૭૦), જેમણે કોઈપણ સહાયનો ઈનકાર કર્યો છે, તેમણે ખેડૂતોની માગણીઓ પર ચર્ચા કરવા માટે ૧૪ ફેબ્રુઆરીએ કેન્દ્રના આમંત્રણ બાદ શનિવારે તબીબી સહાય લેવા સંમતિ આપી હતી. તેમની તબિયત બગડતાં અને સરકાર તેમની માગણીઓ સાથે સંમત ન થતાં ૧૧૧ ખેડૂતોનું એક જૂથ ૧૫ જાન્યુઆરીએ દલ્લેવાલના આમરણાંત ઉપવાસમાં જોડાયું હતું અને ખાનૌરી નજીક સરહદની હરિયાણા બાજુએ બેસી ગયું હતું. ૧૭ જાન્યુઆરીએ હરિયાણાના ૧૦ વધુ ખેડૂતો તેમની સાથે જોડાયા હતા.

૧૨૧ ખેડૂતોએ નાયબ પોલીસ મહાનિરીક્ષક મનદીપ સિંહ સિદ્ધુ અને પટિયાલાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક નાનક સિંહની હાજરીમાં જ્યુસ પીને ઉપવાસ સમાપ્ત કર્યા હતા.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સંયુક્ત સચિવ પ્રિય રંજનના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય પ્રતિનિધિમંડળ શનિવારે ખેડૂત નેતા દલ્લેવાલ અને સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજૂર મોરચાના પ્રતિનિધિઓને મળ્યું હતું અને તેમને ૧૪ ફેબ્રુઆરીએ ચંદીગઢ ખાતે વાટાઘાટો ફરી શરૂ કરવા આમંત્રણ આપ્યું હતું.

## બેંગલુરુના એક એન્જિનિયર સાથે કસ્ટમ-ઇડીના નામે રૂ. 11 કરોડની ઠગાઈ

**કસ્ટમ** અને ઈડી અધિકારીઓના નામે કૌભાંડીઓએ ફોન કરીને ટેક એન્જિનિયરને ડરાવીને છેતરી લીધો

બેંગલુરુ, તા. 19 : ટેક ઉદ્યોગમાં કામ કરતી એક વ્યક્તિ સાયબર કૌભાંડનો તાજેતરનો ભોગ બની અને તેણે રૂપિયા 11 કરોડ ગુમાવ્યા હતા. જ્યારે ઠગોએ સરકારી અધિકારીઓ બનીને ફોન કર્યા અને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવાની ધમકી આપી. આ ઘટના પછી પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓને ખબર પડી કે, પીડિત વિજય કુમારે ૫૦ લાખ રૂપિયાનું બજારમાં રોકાણ કર્યું હતું, જે વધીને ૧૨ કરોડ રૂપિયા થઈ ગયું છે. ત્યાર બાદ તેઓએ પોલીસ, કસ્ટમ્સ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓ તરીકે ઓળખાણ આપી કથિત મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડની ધમકીઓ આપી.

કુમારે ત્યાર બાદ કુમારે તેમના આધાર, પાન કાર્ડ અને કેવાયસી માહિતી જેવી વ્યક્તિગત વિગતો આરોપીઓને શેર કરી, જેના પગલે તેઓ મહિનાઓ સુધી નવ બેંક ખાતાઓમાં ભંડોળ હડપ કરવામાં સફળ રહ્યા અને દાવો કર્યો કે તે તેમનું નામ સાફ કરવા માટે સરકારી પ્રક્રિયાઓનો ભાગ હતો.

પીડિત તરફથી ફરિયાદ મળ્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી અને અલ્હાબાદમાં એક જ ખાતામાં ૭.૫ કરોડ રૂપિયા શોધી કાઢવામાં આવ્યા હતા.

## ઉત્તરપૂર્વ કોલંબિયામાં શાંતિ મંત્રણા નિષ્ફળ જતાં ઓછામાં ઓછા 80ની હત્યા

**વેનેઝુએલાની** સરહદ નજીક કેટાટુમ્બો પ્રદેશમાં સ્થિત ઘણા શહેરોમાં હુમલાઓ થયા

બોગોટા (કોલંબિયા), તા. 19 (એપી) : નેશનલ લિબરેશન આર્મી સાથે શાંતિ મંત્રણા કરવાના નિષ્ફળ પ્રયાસોને કારણે દેશના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં 80થી વધુ લોકોની હત્યા કરવામાં આવી છે. એમ કોલંબિયાના એક અધિકારીએ જણાવ્યું હતું.

ઉત્તર સેન્ટેન્ડરના ગવર્નર વિલિયમ વિલામિઝારના જણાવ્યા અનુસાર, જ્યાં ઘણી હત્યાઓ થઈ હતી, ત્યાં 20 અન્ય લોકો ઘાયલ થયા છે.

શનિવારે મોડી રાત્રે જાહેર કરાયેલા સરકારી લોકપાલ એજન્સીના અહેવાલ મુજબ, પીડિતોમાં સમુદાયના નેતા કાર્મેલો ગુરેરો અને અન્ય સાત લોકોનો સમાવેશ થાય છે, જેઓ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવા માંગતા હતા.